ફોજદારી કેસ નં.૫૬૬/૧૬

આંક–૧ હેઠળ હુકમ

આજરોજ નામદાર ગુજરાત કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના પત્ર ક્રમાંક ૧૭૮/૨૦૧૮, તા.૨૩/૦૧/૨૦૧૮ ના પત્રમાં આપાવમાં આવેલ સુચનાઓ મુજબ તથા નામદાર જીલ્લા ન્યાયાલય, રાજકોટના પત્ર ક્રમાંક ૯૪/૨૦૧૮, તા.૦૯/૦૪/૨૦૧૮ અન્વયે અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ. ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ. ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ છે.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતાં આરોપી સામે જી.પી.એકટ ૧૩૫ મુજબ હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે તેમજ આરોપી સામે તા.૧૧/૧/૧૬ ના રોજ ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી/આરોપીઓને સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપી/આરોપીઓ ને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ / વોરંટ કાઢવા છતાં આરોપી/ આરોપીઓ ને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. તદૃઉપરાંત આ અદાતલ ધ્વારા રીસીવ કરવામાં આવેલ સમન્સ / વોરંટ કે જેના ડી.એલ.એસ.એ. મારફતે નોડર ઓફીસરશ્રીને બજવણી માટે આપવામાં આવેલ હોવા છતાં સદરહું સમન્સ/ વોરંટની બજવણી થયેલ નથી. આરોપી / આરોપીઓ ને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. હાલના આરોપી / આરોપીઓ સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતાં આરોપી / આરોપીઓ ને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી / આરોપીઓ મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસમાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી / આરોપીઓ વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે આરોપી / આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ. ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

આજરોજ તા.૨૨ મી માહે એપ્રિલ સને ૨૦૧૮ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૪/૨૦૧૮

(એમ. જે. ગઢવી)
બીજા અધિક સીવીલ જજ
અને જયુ. મેજી. ફ. ક.,
રાજકોટ
યુ.આ.કો. જીજે. ૦૦ ૮૯૮